# અમરેલીના રાજુલામાં ટીંટોઈના આશાસ્પદ યુવાનનુ અકાળે મોત

## મોડાસાના ટીંટોઈ ગામના યુવાન સર્વેયરનું રાજુલામાં વિજ કરંટથી મોત નિપજતાં ગામ શોકમગ્ન

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના આશાસ્પદ યુવાન સર્વેયરનું મોત પોતાની ફરજ દરમિયાન


(તસવીર : જય અમીન, મોડાસા)

અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં વિજકરંટથી મોત નિપજવાની ઘટના અંગેની જાણ મૃતક યુવાનના માદરે વતન ટીંટોઈ ગામમાં થતા પરિવારજનો અને ગ્રામજનોમાં શોકની લાગણી છવાઈ હતી.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામનો આશાસ્પદ યુવાન હિતેશકુમાર ખેમાભાઈ મોરી સર્વેયરનો અભ્યાસ પૂર્ણ કરી કેવડીયા કન્સ્ટ્રકશન કંપનીમાં સર્વેયર તરીકે જોડાયો હતો. આ કન્સ્ટ્રકશન કંપની દ્વારા રાજુલામાં ભુગર્ભ ગટરનું કામકાજ હાથ ધરાયું હતું. રાજુલા-જાફરાબાદ રોડ પર ભુગર્ભ ગટરના કામકાજનું નિરિક્ષણ કરી રહેલા આ યુવાનને ગટરનું માપ લેવા જતાં માપપટ્ટીનો એલ્યુમીનીયમનો તાર ઉપરથી પસાર થતી હેવી વિજ લાઈનને અકસ્માતે અડકી જતાં હેવી વોલ્ટેજના લીધે હિતેશભાઈ નીચે પટકાયા હતા. અને ૩૦ સેકન્ડની અંદરજ વિજ કરંટના જાટકાથી પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. આ ઘટનાની જાણ આજુબાજુના દુકાનદારો અને કેવડીયા કન્સ્ટ્રશન કંપનીના કર્મચારીઓને થતાં તાત્કાલિક મૃતક યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા રાજુલાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ હાજર તબીબોએ યુવાનને મૃત જાહેર કરતાં રાજુલાના પ્રજાજનો અને કંપનીના કર્મચારીઓ આઘાતમાં સરી પડ્યા હતા. આ ઘટના અંગેની જાણ મૃતકના પરીવારજનોને કરતાં પરિવારજનો તાત્કાલિક રાજુલા ખાનગી વાહનો દ્વારા પહોંચી ગયા હતા. અને મૃતક યુવાનનુ પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહને માદરેવતન ટીંટોઈ ગામમાં લવાતા પ્રજાજનો, પરિવારજનો અને સગાસંબંધીઓ હિબકે ચડ્યા હતા. અચાનક યુવાનનું વિજકરંટથી મોત નિપજતાં ટીંટોઈ પંથકમાં શોક છવાયો હતો.

# દાનાભાઈના પરા ગામે પાંચ સંતાનની માતાનું સાપ કરડતા મોત

હરસોલી, તા. ૧૫

હરસોલીના દાનાભાઈ પેટા પરા ગામે ગરીબ પરિવારની પાંચ સંતાનની માતાનું પોતાના જ ઘરમાં ઝેરી સાપ કરડતા મૃત્યુ થયું હતું. મહિલાના મૃત્યુના પગલે પરિવાર માં ભારે શોકની કાલીમા છવાઈ ગઈ છે.

દહેગામ તાલુકાના હરસોલીમા દાનભાઈના પરા ગામે અશોકસિંહ ચૌહાણ પોતાની ધર્મ પત્ની દિનાબેન અને પાંચ સંતાનો સાથે રહેતા હતા. દરમિયાન ૪૨ વર્ષીય દિનાબેન આજે પોતાના ઘરમાં રોજીંદુ કામકાજ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ ઘરમાં ઘુસી આવેલ ઝેરી સામે દિનાબેનને ડંખ મારતા તેઓ બેભાન થઈ ગયા હતા.

આ સંદર્ભે પરિવારજનો અને પડોશીઓને જાણ થતા તેઓ તુરંત ખાનગી વાહનમાં સારવાર માટે ગાંધીનગર સિવિલમાં લઈ જવા નિકળ્યા હતા. જ્યાં માર્ગમાં જ મહિલાનું મોત નિપજ્યું હતું. મહિલાના અકાળે મોતની ઘટના બનતા પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

# માલપુર પોલીસને હાઈકોર્ટની ફટકાર હત્યાનો મુદ્દો રફેદફે કર્યાનો આરોપ

## માલપુરના બનાજીના મુવાડામાં પાંચની હત્યાનું પ્રકરણ હાઈકોર્ટમાં પહોંચ્યું

મોડાસા, તા.૧૫

માલપુર તાલુકાના બનાજીનામુવાડા (ટુણાદર) ગામે ૫ મહિના અગાઉ થયેલી એક જ પરિવારના ૫ સભ્યોની હત્યામાં સ્થાનિક પોલીસે તપાસનું ફીડલું વાળી દેતાં મૃતક યુવાનની જનેતાએ ગામના માથાભારે ઈસમોએ જમીન પચાવી પાડવાના ઈરાદે પોતાના પરિવારના સભ્યોની ઠંડા કલેજે હત્યા કર્યાનો ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. હાઈકોર્ટે મહિલાની અરજીને ધ્યાને લઈ માલપુર પોલીસને હાજર રહેવાની નોટીસ ફટકારવામાં આવી છે સાથે હાઈકોર્ટે ગુજરાત સરકાર, સી.આઈ.ડી. ક્રાઈમ તેમજ ડી.જી.ને પક્ષકાર તરીકે લીધા છે. ટુણાદર નજીક આવેલા બનાજીનામુવાડા ગામના ભલા ભુરાભાઈ પરમાર ગત તા.૫ ફેબ્રુઆરી૨૦૧૫ના રોજ રાત્રે ઘરેથી નિકળ્યા પછી પરત ફર્યો ન હતો.

બીજા દિવસ સવારે ગામ નજીકના ખેતરમાં ભલા પરમાર તેમજ પત્નિ કોકીલા, દિકરી કિંજલ, દિકરો રાહુલ સહિત ૫ જણના કરપીણ હત્યા કરાયેલા મૃતદેહ મળતાં સમગ્ર જિલ્લામાં સન્નાટો


(ફાઈલ તસવીર : સમીર બલોચ, મોડાસા)

વ્યાપ્યો હતો. બનાવ સ્થળે આવેલી માલપુર પોલીસે પ્રેમ પ્રકરણના કારણે મોતનો ખેલ ખેલાયાની આશંકાના પગલે હત્યા પ્રકરણને પછીથી અભરાઈએ ચડાવી દીધું હતું અને તપાસનો વિંટો વાળી દીધો હતો. જયારે પુત્ર અને તેના પરિવારની ગામના કેટલાક માથાભારે શખ્સોએ જમીન પચાવી પાડવા માટે સમગ્ર પરિવારનું કાસળ કાઢી નાખ્યું છે અને પુત્રવધુને ગામના રાજેન્દ્ર સાથે આડા સબંધ હોવાની સાવ ખોટી વાત ઉપજાવી કાઢયાનો ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન ૩૬૮૫/૨૦૧૫ અન્વયે નોંધ લઈ માલપુર પોલીસને હાજર રહેવા માટેનું ફરમાન કર્યું છે. એક સાથે ૫ જણની હત્યાના મામલે પી.એસ.આઈ. રાઓલે સમગ્ર મામલો ઈરાદાપૂર્વક રફેદફે કરતાં મૃતકની જનેતાએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવી ગામના ૭ આરોપીઓ વિરૂદ્ધ ખૂનનો ગુનો નોંધી કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

# ધાનેરાના સામરવાડા ગામે યુવકનો જમીનમાં દટાયેલો મૃતદેહ મળ્યો

## યુવકની હત્યા કે કુદરતી મોત અંગે રહસ્ય અકબંધ

ડીસા, તા. ૧૫

ધાનેરા તાલુકાના સામરવાડા ગામમાં બનેલી એક ચકચારી ઘટનામાં પોલીસને ૨૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ દટાયેલી હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને બહાર કાઢી તબીબો અને એફ.એસ.એલ.ની ટીમ દ્વારા તપાસ હાથ ધરી છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ધાનેરાના સામરવાડા ગામે ખેતરમાંથી યુવકનો મૃતદેહ કુતરાઓએ બહાર કાઢી નાખ્યો હતો. ગ્રામજનોએ આ દશ્ય જોઈ ચોંકી ઉઠ્યા હતા જે બાદ આ ઘટનાની પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટનાસ્થળે દોડી આવી ઘટનાસ્થળે જ મૃતદેહનું પી.એમ. કરાવવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ મૃતદેહ કોહવાઈ ગયેલ હોવાથી તેને પી.એમ. અર્થે પાટણ મેડીકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર બાબતે ધાનેરા પોલીસે ગુનો નોંધી આ મૃતક યુવક કોણ છે અને તેની હત્યા થઈ છે કે આત્મહત્યા તેની પોલીસે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આંતરરાજ્ય રાજસ્થાનના જેસલમેર જિલ્લાના એક દલિત આર.ટી.આઈ. એક્વીટીસ્ટ પર સ્થાનિક ભૂમાફિયાઓએ ખૂની હૂમલો કરતા મામલો ગરમાયો હતો. જેમાં પીડિતની મુલાકાતે ડીસા ખાતે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ-નવી દિલ્હીના સભ્યશ્રી રાજુભાઈ પરમાર દોડી આવ્યા હતા.

# તલોદના યુવાનનું બે કરોડની ખંડણી માટે અપહરણ : ૨૪ કલાક બાદ છુટકારો

## ડ્રાઈવીંગ લાયસન્સ માટે હિંમતનગર જવા નીકળેલા યુવાનને અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા હતા

તલોદ, તા. ૧૫

તલોદના સોના-ચાંદીના વેપારીના દિકરાનું મગંળવાર બપોરે હિંમતનગર આર.ટી.ઓ.થી અપહરણ થયું હતું. બાદમાં અપહરણકારોએ તેના પિતાને ફોન કરી બે કરોડની ખંડણી માંગી હતી જે ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે કલાકોમાં જ અપહરણકારોએ યુવાનને છોડી મુક્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદની પોસ્ટ ઓફિસ નજીક હિરાચંદ સોની લક્ષ્મી જ્વેલર્સની દુકાન ચલાવે છે. મંગળવારે સવારે સોની હિરાચંદના ૨૨ વર્ષીય દિકરા ઋષિકેશને આર.ટી.ઓ. કચેરીમાંથી કોઈ શખ્સે લાયસન્સ લઈ જવા ફોન કર્યો હતો અને ઋષિકેશ લાયસન્સ લેવા હિંમતનગર આર.ટી.ઓ. કચેરી પહોંચ્યો હતો. જ્યાં ચાર શખ્સોએ ઋષિકેશને મોઢા પર કપડુ બાંધી કારમાં નાખી અપહરણ કરી લઈ ગયા હતા. લાંબા સમય સુધી ઋષિકેશ ઘરે પરત ન આવતા તેના પિતાએ તેના મોબાઈલ પર ફોન કર્યો હતો. પરંતુ ફોન બંધ આવતા સગાસંબંધીને ત્યાં તપાસ કરી હતી. તેમ છતાં મોડી રાત સુધી પુત્રની કોઈ પણ ભાળ ન મળતા પિતાએ તલોદ પોલીસમાં પુત્રના ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન મોડી રાત્રે અપહ્યુતની માતાના મોબાઈલ પર અજાણ્યા માણસે ફોન કરી હિંદી ભાષામાં રૂ. બે કરોડની ખંડણી માંગી હતી અને પોલીસને જાણ કરશો તો તેની લાશ ઘરે આવશે તેવી ધમકી આપી હતી.

આ અપહરણની ઘટનાને પગલે પોલીસ પણ હરકતમાં આવી જતા ચારેબાજુ શોધખોળ શરૂ કરી હતી. જો કે બુધવારે વહેલી સવારે ઋષિકેશ આપોઆપ ભિલોડા માર્ગ પુનાસણ ચોકડી ખાતે ગયો હતો અને પોલીસને જાણ થતાં પોલીસ આ અપહ્યુત યુવાનને ઘરે લઈ આવી હતી. અપહરણકારોએ યુવાન પાસેથી સોનાની બે વીંટી, રોકડ રકમ અને મોબાઈલ લઈ તેને છોડી મુક્યો હતો. તેમ યુવાને પોલીસને જણાવ્યુ હતુ. આ અપહરણ મામલે પોલીસે ગુનો નોંધી અપહરણકારોની શોધખોળ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં ગલતેશ્વર મહાદેવ મંદિરે સંત મિલન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશ્વ હિન્દુ સાબરકાંઠા બે જિલ્લાઓનો સંત મિલન સમારોહ યોજાયો હતો.

જેમાં મહંતો મોટી સંખ્યામાં જેમાં મહંતશ્રી શાંતિ ગિરીમહારાજ, મહંત સુનીલદાસ મહારાજ, ડૉ. ગૌરાંગશરણ દેવાચાર્યજી,


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પરિષદ દ્વારા આયોજિત સાબરકાંઠા વિભાગનો સંતમિલન સમારોહ કાર્યક્રમ ગલતેશ્વર ખાતે યોજાયો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી સંતો મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજથી ચાર કિ.મી. અંતરે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવના નામથી પ્રચલિત ગલતેશ્વર ગામે આવેલ મહાદેવ મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ આયોજિત અરવલ્લી- ઉપસ્થિત રહ્યા હતા અને હિન્દુ સમાજને ધ્યાને લઈ સંતો દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જ્યારે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ મંદિર અને લવ જેહાદી વિષે પણ ચર્ચાઓ થઈ હતી. જ્યારે સંતો સમાજમાં પણ પ્રમુખ મંત્રી સહિતની વરણી કરવામાં આવી હતી. જ્યારે પુરૂષોત્તમ માસ નિમિત્તે મળેલ બેઠકમાં ૫૦મી સુવર્ણ જયંતિ વિષે ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. અમૃતભાઈ ઠાકોર, જયંતીભાઈ પટેલ, સતીષભાઈ પંડ્યા, મેહુલ બી. પટેલ, નટુભાઈ બારોટ, સુનીલભાઈ કડીયા સહિત જિલ્લામાંથી આવેલ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ હોદ્દેદારો સહિત કાર્યકરો ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે શ્રી ગલતેશ્વર દાદાના મંદિરમાં ઓરાણ મહિલા મંડળ દ્વારા આ પ્રસંગે ભજન કિર્તન કાર્યક્રમ યોજાયો હતો અને પુરૂષોત્તમ મહિનાનું પુણ્ય પ્રાપ્ત કર્યુંહતું.

# ઈડરની યુનિક-યુ શાળામાં અંગ્રેજી ભાષાના કૌશલ્યને વિકસાવવા 'વિદ્યાભાષા' પ્રોજેક્ટ

ઈડર, તા. ૧૫

યુનિક-યુ સ્કૂલ ઈડર ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમના બાળકોના અંગ્રેજીના પાયાના કૌશલ્યો વિકસાવવા નિયમિત રીતે પ્રયત્નો કરે છે.

એચ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ, વલ્લભવિદ્યાનગરના પૂર્વ ડાયરેક્ટર ડૉ. જાડેજાના માર્ગદર્શનમાં આ વર્ષથી વધારે અસરકારક રીતે આ કૌશલ્યો વિકસાવવા પ્રયત્નો શરૂ થઈ ગયા છે.

ડૉ. જાડેજાએ યુનિક-યુ સ્કૂલની મુલાકાત લઈ વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ બાબતે તાલીમ આપી હતી. આ વર્ષ દરમિયાન ડૉ. જાડેજાના માર્ગદર્શનમાં ગુજરાતી માધ્યમના બાળકો પણ માતૃભાષાની જેમ સરળતાથી અંગ્રેજી સમજીને બોલી શકે તે માટેનો ખાસ 'વિદ્યાભાષા' પ્રોજેક્ટ શરૂ થયો છે.

પ્રાથમિક કક્ષાએથી જ બાળકોના અંગ્રેજી વિષયની સમજ સાથે સરળતાથી કૌશલ્યો વિકસે તે માટે યુનિક-યુ સ્કૂલ નિયમિત રીતે વિશેષ પ્રયત્નો છેલ્લા ત્રણ વર્ષથી કરી રહી છે. આ વર્ષ ડૉ. જાડેજાના માર્ગદર્શનમાં આ કાર્ય વધારે અસરકારક બનશે.

માતૃભાષાની સાથે વિદ્યાભાષા તરીકે અંગ્રેજી શીખવવાના યુનિક-યુ સ્કૂલના વિશેષ પ્રયત્નો ગ્રામ્યવિસ્તારના બાળકોને વૈશ્વિક સત્તરે સફળ થવા ખૂબ ઉપયોગી થવાના છે. આવા પ્રયત્નો અન્ય સ્કૂલમાં થાય તે પણ ઈચ્છનીય છે.

# પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી માટે ૬૪ ફોર્મ ભરાયા

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડની ચૂંટણી તા. ૩૦-૭-૨૦૧૫ના રોજ યોજાનાર છે. જેમાં ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવા માટે ઉમેદવારો સહિત ભાજપ-કોંગ્રેસના કાર્યકરો ટેકેદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

પ્રાંતિજ કમાલપુર પાસે આવેલ ખેતીવાડી ઉત્પન્ન સમિતિ ખાતે અગાઉ ચૂંટાયેલા પદાધિકારીઓની મુદત પુર્ણ થતાં ચૂંટણી અધિકારી રમેશભાઈ આસરોડીયા દ્વારા નક્કી કરેલ તારીખે તથા સમય મુજબ ચૂંટણી યોજાનાર છે. જેમાં તા. ૧૫-૭-૨૦૧૫ને બુધવારના રોજ માર્કેટયાર્ડ ખાતે ઉમેદવારી માટે ફોર્મ લેવા અને ભરીને પરત આપવા માટે ધસારો જોવા મલ્યો હતો અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કુલ ૧૪ સભ્યો માટેની ચૂંટણીમાં ખેડૂતો-૮, વેપારી-૪, સહકારી-૨


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જગ્યાઓ માટે કુલ ૭૫ ફોર્મ વહેંચાયા હતા. ૬૪ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. મતદારો માટે નવા તથા જુના ઉમેદવારો મેદાનમાં આવતા આ વખતે ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ સહિત રાજકીય ગરમાવો આવ્યો છે ત્યારે આજે ફોર્મ ચકાસણી થશે અને તા. ૧૯મીએ ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. ત્યારે કેટલાક ઉમેદવારો મેદાનમાં છે તે સ્પષ્ટ થઈ જશે. તા. ૩૦-૭-૨૦૧૫ના રોજ ચૂંટણી યોજાશે અને ૩૧-૭-૨૦૧૫મીએ મતગણતરી થશે.

# આજે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અંબાજી પધારશે

આજે તા.૧૬ જુલાઈના રોજ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અંબાજી મુકામે પધારશે. અંબાજી મંદિરમાં માતાજીની પૂજાઅર્ચના કરી અંબાજી સંકુલનું વિસ્તૃતિકરણ તથા બ્યુટીફિકેશનના કામ, શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગમાં પાવર પેક સોલાર સીસ્ટમનું લોકાર્પણ, ખાતમૂર્હત તથા આયોજન હેઠળના કામોની જાહેરાત કરશે. ત્યારબાદ અંબાજી જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાનાર સભાને મુખ્ય મંત્રીશ્રી સંબોધન કરશે. આ -સંગે મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે વન અધિકારના આદેશપત્રો લાભાર્થીઓને અર્પણ કરવામાં આવશે.

# પ્રાંતિજમાં ચાલુ વર્ગખંડે શિક્ષકનું હૃદયરોગના હુમલામાં મોત

## પરિવાર સહિત શાળામાં શોકનું મોજું ફરી વળ્યું

પ્રાંતિજ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ એકસપરીમેન્ટલ હાઈસ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અશોકભાઈ સી. પરમાર ને હાર્ટએટેક આવતા શાળામાં જ તેમણે પ્રાણ ત્યાગ કર્યો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે આવેલ એકસપરીમેન્ટલ હાઈસ્કુલમાં ૨૮ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા અશોકભાઈ પરમાર કે જેવો શાળામાં પોતાના વર્ગ ખંડમાં વિદ્યાર્થીઓનું કોમ્પ્યુટર વિષેનું જ્ઞાન આપી રહ્યા હતા તે સમયે અચાનક તેવોને છાતીમાં દુઃખાવો થતા તેવો પાસે આવેલ ખુરશીમાં ઢળી પડયા હતા ત્યારે વિદ્યાર્થીઓએ બુમાબુમ કરી દેતા સ્ટાફ મિત્રો તથા શાળાના આચાર્ય શ્રીકાન્તભાઈ પટેલ સહિત સ્ટાફ વર્ગખંડમાં દોડી આવ્યો હતો તેઓને ૧૦૮માં પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા ત્યાં હાજર ડોકટર દ્વારા તેમને મૃતક જાહેર કરાતાં તેમના પરિવાર સહિત શાળામાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE


પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ


ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY


સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦